# ગાંધીનગરના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરથી ભારે હાલાકી

**શહેરના મુખ્યમાર્ગો સહીત , સેકટરોના આંતરિક વિસ્તાર, શોપિંગ બજાર સહીતના જાહેર સ્થળો પર રખડતા ઢોરનો અડ્ડો સ્થાનિ રહીશો ત્રાહીમામ : ઘણીવાર મુખ્યમાર્ગો પર અવરજવર કરતા વાહનો કરતા રખડતા ઢોરની સંખ્યા વધુ : અત્યંત ભયજનક સ્થિતિ**

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરમાં રખડતા ઢોરનો પ્રશ્ન દાયકાઓ જુનો છે. પરંતુ વાહનોની સંખ્યા વધતા માર્ગો પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. તેમ સમય જતા શહેરમાં રખડતા ઢોરનો પ્રશ્ન ઉકેલવાના બદલે વધુ જટીલ બન્યો છે. શહેરના મુખ્યમાર્ગો પર ઘણીવાર વાહનો કરતા રખડતા ઢોરની સંખ્યા વધુ જોવા મળે છે. જેના લીધે શહેરના મુખ્યમાર્ગો ,આંતરિક માર્ગો, શોપિંગ બજારો, શાકમાર્કેટ તેમજ સેકટરોના કોમન પ્લોટમાં રખડતા ઢોરના લીધે અત્યંત જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. તંત્ર પણ કકળાટના અંતે માત્ર ચારપાંચ રખડતા ઢોરને પાંજરે પુરી કામગીરીનો સંતોષ માની લે છે. આવા સંજોગોમાં શહેરને સ્માર્ટ બનાવાની સુફિયાણી વાતો અને વાસ્તિવક સ્થિતિ જન આક્રોશનુ કારણ બની છે. નગરના ગ માર્ગ સાથે ખ માર્ગ પણ રખડતા ઢોરની સમસ્યાએ અજગર ભરડો લીધો છે.



● અનુસંધાન પાન-૭ પર

## કર્મચારીઓને ગ્રેજ્યુઈટી ૨૦ લાખની મર્યાદામાં ચુકવાશે

ગાંધીનગર,તા.૧૪

રાજ્યના કર્મચારીઓ માટે વધુ એક નિર્ણય રાજ્ય સરકારે કરી તેમની ગ્રેજ્યુઈટીની મળવાપાત્ર રકમની મર્યાદામાં બમણો વધારો કરવાનો નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કર્મચારીલક્ષી કરેલી જાહેરાત મુજબ બોર્ડ-નિગમ-કોર્પોરેશન સહિત સરકારી અધિકારી/કર્મચારીઓને આ લાભ મળવાપાત્ર થશે. પેન્શન અને ગ્રેજ્યુઈટી એક્ટ અંતર્ગત ભારત સરકારે સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને રૂપિયા ૧૦ લાખની મર્યાદામાં મળવાપાત્ર ગ્રેજ્યુઈટીની રકમમાં વધારો કરી રૂપિયા ૨૦ લાખની મર્યાદામાં ગ્રેજ્યુઈટી ચુકવવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે પણ કર્મચારીલક્ષી નિર્ણય લઈ અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર ગ્રેજ્યુઈટીની રકમમાં વધારો કરી ૨૦ લાખની મર્યાદામાં ગ્રેજ્યુઈટી ચુકવવાનો નિર્ણય અગાઉ કરેલ છે.

## એક જ દિવસે રાષ્ટ્રીય અને સામાજિક પર્વની ઉજવણીનો અનોખો સમન્વય

**શ્રાવણમાં ભોળાનાથની ભકિત સાથે આજે દેશભક્તિનો રંગ પણ નિખરશે**



ગાંધીનગર તા ૧૪

શ્રાવણમાં ભોળાનાથની ભકિત અર્ચના સાથે નગરમાં સ્વાતંત્રય પર્વની ઉજવણી નિમિત્તે ઠેર ઠેર દેશભક્તિના વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. રાષ્ટ્રીય પર્વની સાથે રક્ષાબંધનનુ સામાજિક પર્વ પણ આ દિવસે હોવાથી શહેરના જનજીવનમાં અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. બન્ને તહેવારની એક જ દિવસે ઉજવણી હોવાથી નગરજનો પર્વની ઉજવણીની તૈયારીમાં મસ્ત અને વ્યસ્ત છે.

ગાંધીનગરમાં ૭૩ માં સ્વાતંત્રય પર્વની ઉજવણીને અનુલક્ષી નગરમાં દેશભક્તિનો માહોલ જોવા મળી રહ્યો છે. શહેરની શૈક્ષણિક સંસ્થાઓ સહીત વિવિધ સ્થળે ધ્વજવંદન સહીત દેશભક્તિના કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૭૩ માં સ્વાતંત્રય પર્વની ઉજવણી કલોલમાં થવાની છે. સ્વાતંત્રય પર્વની ઉજવણી અન્વયે પરેડ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત વિવિધ સંસ્થાઓ દ્વારા પણ સ્વાતંત્રય પર્વની ઉજવણી નિમિત્તે વૈવિધ્યસભર કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. શહેરમાં રાષ્ટ્રીય પર્વની સાથે સામાજિક પર્વની ઉજવણીનો અનોખો સમન્વય જોવા મળશે. એકબાજુ દેશભક્તિ નો રંગ નિખર્યો છે. સ્વાતંત્રય પર્વની ઉજવણી માટે પણ વિવિધ સંસ્થાઓ સહીત શૈક્ષણિક સંસ્થાઓમાં ઉત્સાહનુ મોજુ પ્રવર્તયુ છે. શ્રાવણ મહીના દરમિયાન શિવમંદિરોમાં પણ ભાવિકોની ભીડ જોવા મળે છે. શ્રાવણ મહીનાના લીધે નગરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થયેલી જોવા મળે છે. જયારે શ્રાવણ મહીનામાં સ્વાતંત્રય દિવસના રાષ્ટ્રીય પર્વ સહીત રક્ષાબંધન એક જ દિવસે હોવાથી રાષ્ટ્રીય અને સામાજિક પર્વની ઉજવણીમાં અનોખી સમરસતા જોવા મળશે. પર્વની ઉજવણીને અનુલક્ષી નગરના સામાજિક જનજીવનમાં પણ અનોખો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાઈ બહેનના હેતનુ પર્વ અને શ્રાવણમાં શિવજીની ભકિત અર્ચના સાથે દેશ ભક્તિના રંગે શહેરનુ જનજીવન નિખરશે. નિખરતા વરસાદી વાતાવરણ વચ્ચે નગરમાં તહેવારોની મોસમ પણ નિખરી રહી છે.

## પલ્લી મેળાના કામો અંગેની ટેન્ડર નોટીસ

આગામી તારીખ ૭/૧૦/૨૦૧૯ના રોજ પલ્લીમેળા પ્રસંગની પૂર્વ તૈયારી રૂપે લાઈટ ડેકોરેશન, મંડપ ડેકોરેશન, સી. સી. કેમેરા, પલ્લીમેળાનું લાઈન ટેલીકાસ્ટના ભાવપત્રકો (તમામ ટેક્ષ સાથેના) સીલબંધ કવરમાં મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર સંસ્થામાં રૂ. ૧૦૦/- રોકડા (નોન રીફંડેબલ) જમા કરાવી મેળવવાના રહેશે. સંસ્થામાંથી કોરા ભાવ પત્રકો મેળવવાની તારીખ ૧૬/૮/૨૦૧૯ થી તા. ૨૦/૮/૨૦૧૯ સાંજે ૪-૦૦ કલાક સુધી ભરેલા ભાવપત્રકો સંસ્થામાં પહોંચાડવાની તારીખ : ૨૫/૮/૨૦૧૯ સાંજે ૪-૦૦ કલાક સુધી. કોઈપણ ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો સંસ્થાને અબાધિત અધિકાર રહેશે. જેનું કોઈ કારણ આપવામાં આવશે નહી.

સહી/-
મેનેજર
શ્રી વરદાયિની માતા
દેવસ્થાન સંસ્થા રૂપાલ

## નયા ભારતના નિર્માણમાં ગુજરાત આગેવાની સંભાળે : વિજય રૂપાણી

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી વિજયભાઈ



રૂપાણીએ ૭૩માં આઝાદી પર્વે ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનોને આહવાન કર્યુ છે કે નયા ભારતના પ્રધાનમંત્રી સંકલ્પમાં ગુજરાત લીડ લેશે.

આ માટે તેમણે ગુજરાતીઓના શકિત સામર્થ્યથી શાનદાર જાનદાર ગુજરાત બનાવવાનો કોલ આપ્યો છે.

મુખ્યમંત્રીએ 'એક ઔર સૂર્ય ઉગાના હૈ, અંબર સે ઊંચા જાના હૈ, નયા ભારત બનાના હૈ'નો મંત્ર આપતાં સૌને દેશ માટે જીવી જાણવા, કણ-કણ ક્ષણ-ક્ષણ રાષ્ટ્ર ઉત્થાન માટે સમર્પિત કરવા પ્રેરણા આપી છે.

વ્હાલા ગુજરાતના મારા ભાઈઓ અને બહેનો. આઝાદી પર્વની આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ. દેશ ૭૩મું સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ઉજવી રહ્યો છે. એ સ્વાતંત્રતા આઝાદીના મૂળીયા જેમણે સિંચ્યા છે એવા આઝાદીના તમામ લડવૈયાઓ, ક્રાંતિકારીઓ અનેક નામી-અનામી એવા સૌ કોઈને આજના દિવસે પૂણ્ય સ્મરણ કરીને આપણે એમને વંદન કરીએ છીએ

## ગિફ્ટીસીટીમાં ૩૩ માળના રેસિડેન્સીયલ બિલ્ડીંગ બનશે

**બે ટાવર શોભા લિમિટેડ બનાવશે : ૫૦૦ કરોડનું રોકાણ આ કંપની કરશે, રાજ્યનું પણ સૌથી મોટુ રેસિડેન્સીયલ બિલ્ડીંગ બનશે**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેર નજીક આકાર પામેલ પ્રધાનમંત્રી મોદીના સ્વપ્ર ગિફ્ટ સીટીમાં ૩૩ માળના આવાસો બનશે.

ગિફ્ટસીટીમાં બનનાર આ રેસિડેન્સીયલ બિલ્ડીંગ રાજ્યનું પણ પ્રથમ બિલ્ડીંગ હશે. દેશની અગ્રણી રિબલ એસ્ટેટ કંપની શોભા લિમિટેડ ગુજરાતમાં આ પ્રોજેક્ટ હાથ ધરશે. આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. ૫૦૦ કરોડનું રોકાણ કરશે. આ પ્રોજેક્ટ અંતર્ગત બે ટાવર બનશે અને તેમાં ૪૭૪ ફ્લેટ્સ હશે.

કંપનીને આ માટે ૯૯ વર્ષ માટે જમીન લીઝ પર ફાળવવામાં આવી છે. આ પ્રોજેક્ટ ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થઈ જશે. આ કંપની હાલ બેંગાલુરૂ, ગુરૂગ્રામ, ચેન્નાઈ,

● અનુસંધાન પાન-૭ પર

## કરાર આધારિત ભરતી માટે વોક-ઈન-ઈન્ટરવ્યુ

નીચે જણાવેલ જગ્યા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે તદ્દન હંગામી ધોરણે કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસરની માસિક ફિક્સ પગાર રૂ. ૨૫૦૦૦/-થી ભરવાની છે. લાયકાત ધરાવતા ઉમેદવારોએ વૉક-ઈન-ઈન્યરવ્યુ માટે નીચે જણાવેલ દિવસ અને સમયે યુનિવર્સિટી ખાતે ઉપસ્થિત રહેવું.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | ઈન્ટરવ્યુની તારીખ | ઈન્ટરવ્યુનો સમય |
|---|---|---|---|---|
| ૧ | આસિસ્ટન્ટ પ્રોફેસર-મનોવિજ્ઞાન | ૦૩ | ૨૬/૮/૨૦૧૯ | ૧૦:૦૦ કલાકે |
| ૨ | આસિસ્ટન્ટ પ્રોફેસર-અંગ્રેજી | ૦૧ | ૨૭/૮/૨૦૧૯ | ૧૦-૦૦ થી ૨-૦૦ કલાક સુધી |
| ૩ | આસિસ્ટન્ટ પ્રોફેસર-હોમસાયન્સ (ફૂડ એન્ડ ન્યુટ્રીશન) | ૦૩ | ૨૭/૮/૨૦૧૯ | ૨-૦૦ થી ૬-૦૦ કલાક સુધી |
| ૪ | આસિસ્ટન્ટ પ્રોફેસર - સમાજકાર્ય | ૦૩ | ૨૮/૮/૨૦૧૯ | ૧૦-૦૦ કલાકે |

ઉપરોક્ત જગ્યા માટે અરજીપત્રક, શૈક્ષણિક લાયકાત અને અન્ય વિગતો ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની વેબસાઈટ - www.cugujarat.ac.in પર જોઈ શકાશે.

**તારીખ : ૧૪/૮/૨૦૧૯**

સહી/-
રજિસ્ટ્રાર (I/C)
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

માહિતી/૮૯૪/૧૯-૨૦

## પંચાયતમાંથી છેલ્લા સાત માસમાં નિવૃત્ત થયેલ કર્મયોગીઓનું આજે સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પંચાયતમાંથી છેલ્લા સાત માસ દરમ્યાન નિવૃત્ત થયેલ કર્મયોગીઓનું વિશેષ સન્માન કરવામાં આવશે.

પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ(ચૌધરી)ના હસ્તે વયનિવૃત્ત થયેલ આ કર્મયોગીઓને શાલ પ્રશસ્તિપત્ર આપવામાં આવશે. પંચાયત દ્વારા પ્રથમવાર ૨૦ જેટલા કર્મયોગીઓનું આ રીતે સન્માન કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રાંગણમાં આ કાર્યક્રમના આયોજનને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લાની વિવિધ શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પણ પ્રસ્તુતી કરવામાં આવનાર છે.












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com